જિલ્લામાં કોરોના વિકરાળ બન્યો : નવા ૧૪૭ કેસ નોંધાયા

ગાંધીનગર તાલુકામાં ૪૪ કેસ, કલોલમાં ૨૨ કેસ, દહેગામમાં ૪ કેસ, માણસામાં ૮ કેસ : શહેરમાં આજે સે. ૩ માં ૧૦, ૩-એ-ન્યુ માં ૩, સે. ૭ માં ૬, સે. ૪ માં ૮, સે. ૧૩ માં ૫ તેમજ સે. ૨૪, ૬, ૨૭, ૧૨, ૩૦, ૨૨ અને ૨૦ માં બે-બે કેસ તેમજ સે. ૨૬ અને ૨૯ માં ૩-૩ કેસ તેમજ સે. ૧, ૫, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૧, ૨૫, ૨૮, ૯, બોરીજ અને ઈન્ફોસીટીમાંથી પણ કેસ મળી આવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાએ તેનુ વિકરાળ રૂપ દેખાડતાં સમગ્ર જિલ્લામાં ભય અને ગભરાટનું વાતાવરણ ઉભુ થવા પામ્યુ છે. જિલ્લામાં કોરોનાના આજે ૧૪૭ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્ર હચમચી જવા પામ્યુ છે. આજે રજાના દિવસે પણ તંત્ર આખો દિવસ દોડતુ રહ્યુ હતુ.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૮ કેસ અને શહેરમાં ૬૯ કેસ નોંધાયા છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૩૧ મહિલા દર્દી, ૧૨ વિદ્યાર્થી, ૭ ખેડૂત, ૭ કર્મયોગી અને ૮ નાના વેપારીઓ સંક્રમિત થયા છે. જિલ્લામાં આટલી મોટી સંખ્યામાં નોધાયેલા કેસ પછી ૪ દર્દીઓને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામીણ વિસ્તારમાં જે ગતિ કોરોનાએ પકડી છે તેને લઈ ગ્રામીણ અર્થતંત્ર પણ તુટી પડવાની અણી પર આવી ગયુ છે. ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ અને ટેસ્ટીંગનું પ્રમાણ વધારવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

જિલ્લામાં આજે દહેગામમાં ૪ કેસ, ગાંધીનગરમાં ૪૪ કેસ, કલોલમાં ૨૨ કેસ અને માણસામાં ૮ કેસ નોંધાયા છે. જિલ્લાનું તંત્ર આજે આખો દિવસ સતત દોડધામમાં વ્યસ્ત રહ્યુ હતુ.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોના બેફામ બની વિસ્તર્યો છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે. સઘન આરોગ્ય સેવાના લીરેલીરા ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ઉડતા જોવા મળ્યા છે.

પ્રથમ લ્હેર વખતે હોટ સ્પોટ બનેલ વાવોલમાં આજે ૧૨ કેસ, કુડાસણમાં ૧૧ કેસ તેમજ સરગાસણમાં ૪ કેસ નોંધાયા છે. આ ઉપરાંત રાંદેસણમાં ૩ કેસ, હડમતિયા ગામે ૨ કેસ, અડાલજ ગામે ૨ કેસ, સાદરા ગામે ૨ કેસ તેમજ કોલવડા, અમીયાપુર, રાયસણ, કરાઈ, મેદરા, આલમપુર, ઉનાવા અને ઉવારસદ ગામેથી એક-એક કેસ મળી આવેલ છે.

દહેગામ તાલુકામાં આજે ૪ કેસ નોંધાયા છે.

● અનુસંધાન ૭ પાના પર

ગાંધીનગરમાં દર કલાકે બે કોરોના પોઝીટીવ દર્દીના મૃત્યુ

શહેરના મુકિતધામમાં કુલ ૭૬ મૃતદેહના અંગ્નિ સંસ્કાર કરાયા, તે પૈકી ૪૯ કોરોના પોઝીટીવ મૃતકોની અંતિમવિધી કરાઈ

ગાંધીનગર, તા.૧૭

કોરોના સંક્રમણના કેસ દિવસે ને દિવસે વધી રહ્યા છે. કોરોના સંક્રમણનો વ્યાપ સતત વધી રહ્યો છે. રાજયમાં કોરોના અજગરી ભરડો લેતા ૯૫૪૧ કેસ નોંધાયા છે. રાજયમાં છેલ્લા ચોવીસ કલાકમાં ૯૭ વ્યકિતઓએ કોરોનાને પગલે મૃત્યુને ભેટ્યા છે. ત્યારે ગાંધીનગર શહેરમાં પણ કોરોના સંક્રમણની ગતિએ વેગ પકડ્યો છે. ગાંધીનગર જિલ્લામાં કોરોના પોઝીટીવ ૧૪૭ કેસ નવા નોંધાયા છે. જેમાં શહેરી વિસ્તારમાં ૬૯ અને ગ્રામીણ વિસ્તારમાં ૭૮ કેસ સામે આવતા તંત્ર પણ ચોકીં ઉઠ્યું છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાકમાં દર કલાકે બે કોરોના દર્દીઓના મૃત્યુ થયા છે. ગાંધીનગર કોવીડ હોસ્પિટલ દર્દીઓથી ભરાયેલી જોવા મળી રહી છે. તમામ વોર્ડ દર્દીઓથી હાઉસ ફુલ જોવા મળી રહ્યા છે. ત્યારે કોરોના દર્દીઓની સંખ્યાની જેમ મૃત્યુઆંક પણ સતત વધી રહ્યો છે. ગાંધીનગર શહેરના મુકિતધામ સેકટર-૩૦ અને સરગાસણ ખાતે મળીને કુલ-૭૬ મૃતકોની અંતિમવિધી કરવામાં આવી છે. તે પૈકી કોરોના પોઝીટીવ ૪૯ મૃતદેહના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે. ત્યારે કોરોના સંક્રમણના વધતા જતા કેસ અને મૃત્યુઆંકને લઈ સૌ કોઈ ચિંતિત નજરે પડી રહ્યા છે.

હોમ આઈસોલેશનમાં રહેતા દર્દીઓને નગરના ડોકટર્સની હોમકેર ટ્રીટમેન્ટ

શહેરના તબીબો દર્દીઓને ઘરના રૂમ સુધી પહોંચી છે : હોસ્પિટલમાં જગ્યા નથી ત્યાર ફ્રેશ એમ બી બી એસ ડોકટર્સ સહીત સિનિયર ફિઝીશીયન પણ દર્દીઓને ઘરે સારવાર પુરી પાડે છે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરમાં કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે સ્થિતિ અત્યંત ભયજનક બની હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. એકબાજુ હોસ્પિટલમાં જગ્યા ખુટી પડી છે. ત્યારે દવા અને ઈન્જેકશન મામલે પણ દર્દીઓના સગાવ્હાલઓનો રોષ હજુ શમ્યો નથી. બીજીતરફ ઘરે જ સારવાર લેતા દર્દીઓની સંખ્યા પણ વિશેષ છે. આ સ્થિતિ વચ્ચે દર્દીઓને ઘરે સારવાર આપતા ફ્રેશ એમ બી બી એસ ડોક્ટર્સ તેમજ અન્ય સિનિયર ફીઝીશીયનોની સેવા પણ બિરદાવવા લાયક છે. હોમ આઈસોલેશનમાં કોરોના સામે લડત આપતા દર્દીઓની સારવાર માટે આ ડોકટર્સ રૂબરૂ મુલાકાત લઈ દર્દીને તપાસી દવા આપી રહ્યા છે. હોસ્પિટલમાં જગ્યા નથી ત્યારે હોમ કેર નો ટ્રેન્ડ પણ હાલ દર્દીઓ માટે આર્શીવાદરૂપ બની રહ્યો છે. આવા સંજોગોમાં ઘરે સારવાર લેતા દર્દીઓને પણ શહેરના તબીબો સેવા પુરી પાડે છે. હોસ્પિટલમાં બેડ ખુટયા છે. ત્યારે દર્દીઓની વધતી સંખ્યા વચ્ચે ઘરમાં જ કોવિડ વોર્ડ ઉભો થઈ જાય છે. શહેરના ન્યુ કમર્સ ડોકટર્સ પણ કોવિડના દર્દીઓની સેવામાં લાગી ગયા છે. જયારે દર્દીઓને ફોન મારફતે તેમજ જરૂર હોય તેવા કિસ્સામાં રૂબરૂ પહોંચીને પણ સારવાર પુરી પાડવામાં આવી રહી છે. દર્દીઓની તકલીફ દુર કરવા આ સંક્રમિત દર્દીના રૂમ સુધી પહોંચી ડોકટર્સની ટીમ પણ સારવાર આપે છે.

● અનુસંધાન ૭ પાના પર

કોરોના તારી કસોટીની પ્રથા સારી નથી...

તે કસોટી કોની લીધી માતૃત્વની કે પછી અવતરણની... એસ.વી.પી. હોસ્પિટલની આ સત્ય ઘટનાએ માનવતાને નવુ ગૌરવ બક્ષ્યુ છે...

ગાંધીનગર, તા. ૧૭

આજે વિશ્વમાં કોવિડ-૧૯ ની મહામારી અને માનવ વચ્ચેના સંઘર્ષ તેની એક નવી ઊંચાઈ પર પહોંચ્યો છે. ઈતિહાસ પણ તેના લેખાજોખાં નોંધવામાં વ્યસ્ત બન્યો છે.

આ મહામારીમાં કોરોનાએ એક આકરી કસોટી પણ લીધી. અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં રહેતા બ્રાહ્મણ પરિવારની... આ પરિવાર આમ તો ક્વોરી ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલો છે. બે દિકરીઓ છે. એક દિકરીને થોડાક વર્ષ પૂર્વે મુંબઈ પરણાવી તો બીજી દિકરીને ગાંધીનગરમાં.

બન્ને દિકરીઓ ખુશીમાં રહેતી હોવાથી પરિવાર પણ શાંતિની લાગણી અનુભવતો હતો. મોટી દિકરીને સારા દિવસો જવાના સમાચારો આવ્યા અને પરિવારમાં ખુશીનો માહોલ છવાઈ ગયો. શ્રીમંત જેવી સામાજિક વિધિ સંપન્ન કરી દિકરીને પ્રથમ સુવાવડ માટે અમદાવાદ લઈ આવ્યા.

ખુશીમાં ખલેલ પાડવાનું કોરોના ચુક્યો નહિ. દિકરીના પ્રસવના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ કોરોનાએ અમદાવાદમાં તેનું રૌદ્ર રૂપ દેખાડવાનું શરૂ કર્યુ હતુ.

પહેલાં દિકરી સંક્રમિત થઈ તેને હોમ આઈસોલેશનમાં રાખી થોડા દિનવસમાં માતા-પિતા પણ સંક્રમિત થયા.

દિકરીને પ્રસુતિની પીડા ઉપડી દવાખાને જે તબીબ ચકાસતા હતા તેમના ત્યાં લઈ ગયા પણ તબીબે કહ્યુ કે કોરોનામાં ડિલવરી તેઓ કરાવી શકશે નહિ. ૧૦૮ બોલાવી અને હવે શું કરવું તેની ચિંતામાં સૌ કોઈ ગરકાવમાં હતા.

૧૦૮ ના ડ્રાયવરે કહ્યુ સાહેબ ચિંતા નહિ કરો ચાલો એસ.વી.પી. હું લઈ જાઉ છુ. ગાંધીનગર નાની દિકરીને ફોન પર જાણ કરી.

૧૦૮ માંથી પરિવાર ઉતર્યો ત્યારે ખુબ ચિંતાતુર હતો. ભગવાનનુ સ્મરણ કર્યુ અને દિકરીને હોસ્પિટલના હવાલે કરી તેને પ્રસવની પીડા વધી ગઈ હતી.

આખી રાત પસાર થઈ દિકરીએ નાની દિકરીને સામાન્ય પ્રસુતિમાં જન્મ આપ્યો. દિકરીની દિકરીને પિડિયાટ્રીક વોર્ડમાં લઈ ગયા. દિકરીની માતાને કોરોનાની સારવાર શરૂ થઈ ગઈ. માતા-પિતાને પણ હોસ્પિટલમાં દાખલ થવુ પડ્યુ તેમને પણ કોરોનાની સારવાર ચાલુ થઈ ગઈ.

● અનુસંધાન ૭ પાના પર

કોરોનાને હરાવવા હૈયામાં હિંમત અને હકારાત્મક અભિગમનુ ઈન્જેકશન અનિવાર્ય

કોરોના સામેનો જંગ જીતવા મનોબળ મક્કમ સાથે પોઝિટીવ વિચારોની હુંફ અનિવાર્ય

ગાંધીનગર તા ૧૭

કોવિડના દર્દીઓનો આંકડો વધવાની સાથે સતત મૃત્યુઆંક પણ ઉંચકાય રહ્યો છે. ત્યારે સોશિયલ મીડીયાથી માંડીને તમામ માધ્યમોમાં કોરોના સંક્રમણ અને મૃત્યુના સમાચારો સતત આંખને ખુંચે છે અને કાનને કરડે છે. હૈયામાં કંપારી છુટી જાય છે. કોરોના સંક્રમિત દર્દીઓ સતત મૃત્યુનો ભય અનુભવે છે. અને જેમને સંક્રમણ નથી લાગ્ય તેમને કોરોના થઈ જશે તેનો ડર સતાવી રહ્યો છે. આવા સંજોગોમાં કોવિડ સામેની લડતમાં હકારાત્મક અભિગમ અને મક્કમ મનોબળ અક્સિર દવા પુરવાર થશે તેમ પણ વડીલો માની રહ્યા છે. કોરોના અંગેના કેસ અને મૃત્યુના મેસેજીસની ભરમારથી દુર હટી દીલો દીમાગને પોઝિટીવીટીથી ભરી દેવાની અત્યંત આવશ્યકતા છે.

કોરોના કાળમુખો બનતા નાગરિકોમાં ફફડાટ પ્રવર્તયો છે. કોરોનાના કેસ દિન પ્રતિદિન વધી રહ્યા છે. ત્યારે કોરોનાના લીધે મૃત્યુ પામતા દર્દીઓનો આંકડો પણ ભય ઉત્પન્ન કરે તેવો છે. સ્મશાનમાં મૃતકોના અગ્નિ સંસ્કાર માટે રોજબરોજ લાઈન લાગે છે. ત્યારે આમ નાગરિકો પારેવાની જેમ ફફડી રહ્યા છે. ઘરની બહાર નિકળવાની હીંમત પણ થાય તેમ નથી અને કરવાની અનિવાર્યતા પણ નથી. કોરોનાના કહેર વચ્ચે હોસ્પિટલમાં જગ્યા ન હોવાની દયાજનક સ્થિતિ વચ્ચે દવા અને ઈન્જેકશન મામલે પણ માંડ સ્થિતિ કાબુમાં આવી રહી છે. આવા કપરા સંજોગોમાં જે વ્યકિતને કોરોના થયો છે તેને સતત મુંઝવણ અને ગભરામણ સતાવી રહી છે. દર્દીઓમાં રહેલો ભય તેની તબિયત પર વિશેષ અસર કરે છે. કોરોના સંક્રમિત દર્દીને મોતનો ભય સતાવે છે. જયારે જેને કોરોના થયો નથી તેને સંક્રમણ લાગવાનો સતત ડર રહે છે. આવા સંજોગોમાં પ્રત્યેક નાગરિકની કથળતી મનોદશા સ્થિતિને વધુ બગાડે છે. ત્યારે એક એક પલ કઠીન પુરવાર થઈ રહ્યો છે. આ હાલત વચ્ચે નગરજનોએ પોતાની અંદર હકારાત્મક અભિગમ મજબુત કરવાની અનિવાર્યતા છે. આ ઉપરાંત શ્રધ્ધા ભકિતની સાથે પોતાનુ મનોબળ મક્કમ રાખવુ પણ અનિવાર્ય છે. કોવિડની મહામારીના કપરા સંજોગોમાં પોતાની જાતને તુટવા ન દેવી તે પણ એક અક્સિર દવા સમાન છે. માણસ હીંમત હારી જાય ત્યારે મુસીબતો માથે સવાર થઈ જાય છે. આ સમયમાં દરેક વ્યકિત ઈશ્વર પર વિશ્વાસ રાખી હકારાત્મક વિચારોની ઓરામાં સમય પસાર કરે પ્રાર્થના શકિતથી મનને પ્રસન્નન રાખે તે અનિવાર્ય છે. કોવિડના દર્દીઓ સતત ભય અનુભવતા તેમની તબિયત પર વિપરિત અસર થાય છે. પરંતુ હકારાત્મક અભિગમ અપનાવી મનોબળને પણ મક્કમ રાખવાથી કોરોના સામેની જંગ જીતવાનુ સરળ બની શકે તેમ છે કોરોના સામે જંગ જીતતા વયોવૃધ્ધ વડીલોનો વ્હીલપાવર ગજબનો હોય છે. જયારે આ વડીલો જ મહામારીના કપરા સંજોગોમાં સૌને હૈયામાં હીંમત અને હકારાત્મક વિચારો ભરપુર રાખવા માટે સુચવે છે.

લોકડાઉનની ભીતિએ શ્રમિકોનું પલાયન : ઝુંપડપટ્ટીઓ સુમસાન બની

વધતા સંક્રમણમાં સંપન્ન નાગરિકોને પોઝિટીવ રિપોર્ટ આવવાની ચિંતા તો શ્રમજીવીઓને લોકડાઉન લાગુ પડી જવાની દહેશત : વતનમાં જે મળશે તે રળી લઈશુ પણ ગઈ વખતની જેમ અટવાઈ ના પડીએની નીતિ અપનાવતા શ્રમિક પરિવારો

ગાંધીનગર, તા. ૧૭

કોરોના સંક્રમણનો આવો કપરો કાળ આવશે તેવુ કોઈએ કદાચ વિચાર્યુ નહોતુ, દિન પ્રતિદિન કોરોના પોઝિટીવ કેસોની સંખ્યામાં જે રીતે વધારો થઈ રહ્યો છે તે જોતાં લાગી રહ્યું છે કે કદાચ કોઈ વ્યક્તિ બાકી નહી રહે જેને એકવાર કોરોના થયો ના હોય. જો કે આ કોરોના કાળમાં એક વિરોધાભાસી પરિસ્થિતિ પણ જોવા મળી રહી છે જેમાં જે નાગરિકો સુખી અને સંપન્ન છે તેમને પોતે કે પરિવારના કોઈ પોઝિટીવ ના થાય તેની ચિંતા સતાવી રહી છે. જ્યારે બીજી તરફ મજૂરી કરીને ગુજરાન ચલાવતો શ્રમજીવી વર્ગ છે તેને એ ચિંતા છે કે ક્યાંક ફરી લોકડાઉન લાગુ ના પડી જાય. શહેરમાં ઘણા શ્રમજીવી પરિવારોએ તો લોકડાઉનની બીકે અત્યારથી જ વતનની વાટ પકડી લીધી છે જેઓ પોતાના ઝુંપડા રામભરોસે છોડી પોતાના ગામડે જે રૂખો-સુખો રોટલો

મળશે તે રળી લેવાં મજબૂર બન્યાં છે.

શહેરના અનેક સેક્ટરોમાં ઝુંપડપટ્ટી વિસ્તારો આવેલા છે જેમાં કેટલાંક પર પ્રાંતિય તો કેટલાંક રાજયના અંતરિયાળ ડુંગરાળ વિસ્તારોમાંથી પેટીયું રળવા આવીને વસેલા શ્રમજીવી પરિવારો વસે છે. ગત વર્ષે કોરોના લોકડાઉન દરમ્યાન આ શ્રમજીવીઓએ શહેરમાં આજીવિકા બંધ થઈ જતાં પોતાના વતનની વાટ પકડી હતી જ્યાં તેમની નાની-મોટી ખેતી કે જે પણ આજીવિકાના સાધનો હતા તેના આધારે તેઓ કુટુંબનું ભરણપોષણ કરવા મજબૂર બન્યા હતા. લાંબા લોકડાઉન પછી માંડ માંડ થાળે પડેલા જનજીવન અને પાટે ચડવા મથી રહેલા અર્થતંત્રમાં ફરી એકવાર ''કામ મળશે''ની આશાએ તેઓ પરત ફર્યા હતા. આ વર્ષે ફરી કોરોના સંક્રમણ અગાઉ કરતાં પણ વધી જવા પામ્યું છે અને આ વર્ષે સરકાર લોકડાઉન લાગુ કરીને આ શ્રમજીવી પરિવારો પેટ પર પાટું મારવા નથી માંગતી. જો કે સરકારે રાત્રી કરફ્યુ જેવા લેવા પડેલા નિર્ણયો અને પડોશી રાજ્યોમાં લાગુ પડેલા લોકડાઉનનો પગલે આ શ્રમજીવીઓને ફરી દહેશત સતાવવા લાગી છે કે ક્યાંક અહીં પણ લોકડાઉન લાગુ ના પડી જાય અને આ દહેશતના આધારે શહેરના કેટલાંક શ્રમિક પરિવારોએ તો પછી ગત વર્ષની જેમ ફરી પરિવહનની મુશ્કેલી ઉભી થાય તેના કરતાં અત્યારથી જ વતનની વાટ પકડી લેવાનું મુનાસિબ માનીને પોતાની રીતે પલાયન કરી લીધુ છે. જેના કારણે શહેરના કેટલાંક વિસ્તારની ઝુંપડપટ્ટીઓ સાવ સુમસામ જોવા મળી રહી છે જેને તેઓ રામ ભરોસે છોડી ગયા છે.

ઘણા પરિવારો તો હોળી પછી પરત ફર્યા જ નથી

મોટાભાગના શ્રમિક પરિવારોમાં હોળીના તહેવારનું ઘણું મહત્વ જોવા મળે છે અને હોળી ઉજવવા તેઓ હંમેશા વતનમાં જતા હોય છે. આ વર્ષે હોળીના તહેવારે જ વધી ગયેલા કોરોના સંક્રમણ અને સર્જાયેલી લોકડાઉન લાગુ પડવાની ભીતિને પગલે અનેક શ્રમિક પરિવારો તો પરત ફર્યા જ નહોતા. આ સાથે ઘઉંના પાકની સીઝન પણ હોવાથી શ્રમિક પરિવારોએ પોતાના વતનમાં જે નાની-મોટી ખેતી છે તેમાં પાક મેળવી લેવાને પ્રાથમિકતા આપી છે જેથી લોકડાઉન લાગુ પડે તો પણ તેનો સામનો કરી શકાય.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com